Shri Mehsana Prant Jain Dasha Shrimali Gnyati Mandal - Shreemati Saraswatiben Ramanlal Shah Sanskrutik Bhavan, Nr. Godawari Dehrasar, Vasna, Ahmedabad-380007.

શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ - અમદાવાદ (ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૩૦૩, તા.૨૩-૮-૭૮) સંચાલિત

સમય એને પણ સુધારી દે છે જેને બીજુ કોઈ નથી સુધારી શકતું !!

# પરિવાર પત્રિકા

PARIVAR PATRIKA (Gujarati Monthly) (ગુજરાતી માસિક)

Year - 23 ● Issue No. - 277 ● 1st October 2026 Price Rs. 2/- ● Pages-16

જાગૃતિ ● માહિતી ● પ્રવૃત્તિ ● પ્રગતિ

**પરિવાર પત્રિકાના કાયમી મુખ્ય સૌજન્યદાતા**

સ્વ. શ્રી જશવંતલાલ ચીમનલાલ શાહ......(રણુંજ)
સ્વ. વર્ષાબેન દિલીપભાઈ શાહ.........(ભાલક)

**કાયમી સહાયક દાતા**

સ્વ. વિમળાબેન રસીકલાલ શાહ......(લણવા/પુના)

**પરિવાર પત્રિકા સંપાદન સમિતિ**

સંપાદક : બકુભાઈ સી. ગાંધી 98250 96444
સહ સંપાદક : રમેશભાઈ સી. શાહ 94263 84275

વિજયભાઈ કે. શાહ...........(બોરીઆવી) 9998602896
ભાઈલાલભાઈ એન. ગાંધી.........(સમોડા) 9925722324
ભાવેશભાઈ એમ. શાહ............(ભાલક) 9427702080
જશવંતભાઈ પી. શાહ.............(ભાલક) 9974716584
સંદિપભાઈ એસ. શાહ.........(બોકરવાડા) 9825787549

**મેનેજીંગ ટ્રસ્ટી**

બકુભાઈ સી. ગાંધી (સમોડા) 98250 96444

**પરિવાર પ્રકાશન કાયમી સૌજન્ય**

શ્રી સેવંતીલાલ છબીલદાસ શાહ પરિવાર............(ભાલક)
સ્વ. શ્રી નટવરલાલ મણીલાલ શાહ................ (ભાલક)
સ્વ. જેઠાલાલ મોહનલાલ શાહ..................... (ખરોડ)
સ્વ. ચીનુભાઈ મણીલાલ શાહ.................. (પિંઢારપુરા)
સ્વ. શ્રી બાબુલાલ અંબાલાલ શાહ..................(મોટપ)
સ્વ. શ્રી અમૃતલાલ ઠાકરશી શાહ............... (મોટી દેઉ)
સ્વ. શ્રી પુનમચંદ ઉત્તમચંદ શાહ.................. (લણવા)
સ્વ. શ્રી બાબુલાલ કસળચંદ શાહ................ (વડાવલી)
શ્રીમતી પદ્માબેન રમણલાલ શાહ. .................. (મોટપ)
સ્વ. બિહારીભાઈ ચીમનલાલ મોદી...............(મહેસાણા)
શ્રી નટવરલાલ તલકચંદ શાહ................... (દેલોલી)
શ્રી ચંપકલાલ મંગળદાસ શાહ.......................(મગુના)
શ્રીમતી પન્નાબેન અશ્વિનકુમાર ગાંધી............. (સમોડા)
સ્વ. સુબોધચંદ્ર મણીલાલ શાહ..................... (મણુંદ)
સ્વ. કાન્તાબેન રસીકલાલ શાહ................ (વિસનગર)
સ્વ. કમળાબેન ચીમનલાલ શાહ......... (ઉનાવા/આંબેગામ)
સ્વ. લીલાવતીબેન સુમતીલાલ શાહ......... (સીનોલી/મણુંદ)
શ્રીમતી ચંદ્રિકાબેન નવીનચંદ્ર શાહ..............(લણવા)
શ્રી વિજયકુમાર કનુભાઈ શાહ................ (બોરીઆવી)
શ્રીમતી રંજનબેન મહેન્દ્રભાઈ શાહ.................(દેલોલી)
શ્રી નટવરલાલ મફતલાલ શાહ..................... (દેલોલી)
શ્રી ભોગીલાલ લીલાચંદ શાહ...................... (મોટપ)
સ્વ. ઈન્દીરાબેન શશીકાંત તિજોરીવાળા..... (લુણવા-મંડાલી)
સ્વ. ઉષાબેન નરેન્દ્રકુમાર હીંમતલાલ શાહ.......(બોકરવાડા)
શ્રીમતી વિમળાબેન નટવરલાલ શાહ..............(કમાણા)
સ્વ. વસુમતીબેન ઈશ્વરલાલ સોમચંદ શાહ.......... (ભાલક)
સ્વ. પુષ્પાબેન સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી......(રણુંજ)
સ્વ. કંચનબેન હીંમતલાલ વાડીલાલ શાહ....(બોકરવાડા)
સ્વ. મહેન્દ્રકુમાર રતીલાલ શાહ (ચાવાળા)..........(સમોડા)
સ્વ. ગાંધી બાબુલાલ રસિકલાલ...................(રણુંજ)
સ્વ. બેલાબેન ભરતભાઈ કેશવલાલ શાહ..........(રણુંજ)
શ્રીમતી હંસાબેન જીતેન્દ્રકુમાર બાબુલાલ શાહ..(બોરીયાવી)

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ

### પ્રગતિ અહેવાલ

વ્હાલા જ્ઞાતિજનો,

જય જિનેન્દ્ર

૬૫ વર્ષોથી અમદાવાદ જ્ઞાતિમંડળની આ સુદીર્ઘ યાત્રામાં આપણી જ્ઞાતિના સુજ્ઞ, કર્તવ્યનિષ્ઠ, સેવાભાવી, સમર્પિત પદાધિકારીઓએ સુપેરે વહીવટ કરીને ઉત્તરોત્તર પ્રગતિ કરી છે. આ વિકાસયાત્રામાં અનેક મહાનુભાવોના પ્રસ્વેદ બિંદુઓનું સિંચન છે. તેમનું અભિવાદન. અમારા પુરુષાર્થમાં વિવિધ સેવાકિય યોજનાઓમાં અમને સમગ્ર સુડતાલીસ જ્ઞાતિમાંથી દાનવીરો, ગુણીજનો, આગેવાનો, હિતેચ્છુઓનો ખૂબ જ સારો સાથ-સહકાર-સહયોગ અને હૂંફ મળ્યા છે તેથી તો અમે અનેકવિધ પ્રવૃતિઓ કરી શક્યા છીએ. એ સર્વેના અમે ઋણી છીએ અને આભારી છીએ. હાલમાં મંડળ દ્વારા શૈક્ષણિક પ્રોત્સાહન યોજના, સાધર્મિક વાત્સલ્ય યોજના, મેડિકલ સહાય, શુભલગ્ન યોજના, સમ્યક્પ્રસારનિધિ, મહિલા મંડળના કાર્યક્રમો, યુથફોરમ, સમાજ જાગૃતિ અને કલ્યાણ યોજના, પરિવાર-પત્રિકા પ્રકાશન વગેરે સુપેરે કાર્યરત છે.

વ્યક્તિ કરતાં સંસ્થા મહાન છે. સંસ્થાના હેતુઓ મહત્વ ધરાવે છે. નવી પેઢીએ આ બધી પ્રવૃત્તિઓનો કાર્યભાર સંભાળવાની આવશ્કયતા છે માટે સમાજના ઉત્થાનના આ કાર્યમાં સક્રિય થવા યુવા વર્ગને આવકારીએ છીએ જેથી મંડળ વધુ સારી રીતે પ્રગતિ કરી શકે.

શ્રીમતી વર્ષાબેન દિલીપભાઈ (ભાલક) અને શ્રીમતી મંગુબેન ચંદુલાલ શાહ (વડાવલી) ના દાનથી શરૂ થયેલ સાધર્મિક વાત્સલ્ય યોજના અંતર્ગત જરૂરિયાતવાળા પરિવારોને ઘેર બેઠા ખાદ્ય સામગ્રી પહોંચાડવામાં આવે છે. તો દાતાશ્રીઓએ તેમાં લાભ લેવા વિનંતી. ઉપરાંત દાતાઓ તરફથી અનુમોદના રૂપે આવતી રોકડ રકમ પણ ખાદ્યસામગ્રી સાથે આપવામાં આવે છે. આનો લાભ લેવા દાતાઓને નમ્ર વિનંતી છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને શૈક્ષણિક પુરસ્કાર પ્રદાન કરવાનો કાર્યક્રમ તા.૦૪-૧૦-૨૦૨૬ના રોજ યોજવામાં આવેલ છે. દર વરસની જેમ અમદાવાદ મહિલા મંડળ સંચાલિત એક અનુમોદનીય-તપસ્વી બહુમાનનો કાર્યક્રમ તા.૨૭-૦૯-૨૦૨૬ના રોજ યોજવામાં આવ્યો હતો. તેમજ રાસ-ગરબાનો કાર્યક્રમ પણ તા.૧૧-૧૦-૨૦૨૬ના રોજ રાખવામાં આવેલ છે.

શ્રી ભાવેશભાઈ એમ. શાહ - મંત્રી ✽ શ્રી રમેશભાઈ સી. શાહ - સહમંત્રી

# પરિવાર પત્રિકા

સૌજન્ય દાતા
(જાન્યુઆરી-૨૬ થી ડિસેમ્બર-૨૬)



## શ્રી શશીકાન્ત સ્વરૂપચંદ તિજોરીવાલા

લુણવા-મંડાલી મુંબઈ, (ઉ.વર્ષ: ૮૭)
જન્મ તા. ૧૭-૯-૧૯૩૮ • સ્વ. તા. ૨૦-૯-૨૦૨૫

પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને સાચી શાંતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના.

**સદ્‌ગતની સ્મૃતિમાં**

કેતન કેયુર કેતકી
અલ્કા શ્વેતા અક્ષય

સ્વ. ઈન્દિરાબેન શશીકાન્તભાઈ તિજોરીવાલા પરિવાર તરફથી
અમદાવાદ બહારના ભારતમાં વસતા તમામ જ્ઞાતિજનોને ''પરિવાર પત્રિકા'' મોકલવામાં આવશે.

### મંડળની વિવિધ પ્રવૃત્તિઓ

- કેળવણી સહાય/ઉચ્ચ શિક્ષણ સહાય
- સાધર્મિક સહાય
- મેડિકલ સહાય
- મહિલા તત્કાલ સહાય
- શુભ લગ્ન આયોજન
- પરિવાર પત્રિકા
- તપસ્વી બહુમાન
- સમ્યગ્ જ્ઞાન પ્રસાર નિધિ
- મહિલા મંડળ

### પરિવાર શુભેચ્છક

સ્વ. સુભદ્રાબેન સેવંતીલાલ શાહ ....(બોકરવાડા)
શ્રી બંકિમકુમાર કાંતિલાલ શાહ .........(ઊંઢાઈ)
શ્રી જયંતિલાલ અંબાલાલ શાહ ..........(ઊંઢાઈ)
કંચનબેન ચીનુભાઈ તીજોરીવાળા (લુણવા-મંડાલી)
મધુબેન મહેન્દ્રકુમાર ડાહ્યાલાલ શાહ.....(મગુના)
સ્વ. શ્રી અંબાલાલ બુલાખીદાસ શાહ......(મણુંદ)
સ્વ. સવિતાબેન અંબાલાલ શાહ...........(મણુંદ)
સ્વ. શારદાબેન નરોત્તમદાસ શાહ.........(મણુંદ)
સ્વ. નીતાબેન પ્રમોદભાઈ શાહ...........(ખરોડ)

## શૈક્ષણિક પુરસ્કાર સમારોહના મુખ્ય મહેમાન

**રૂા.૩૧૦૦૦/-**



શ્રી પંકજભાઈ ચીનુભાઈ શાહ
(બોકરવાડા-અમદાવાદ)

અમદાવાદ જ્ઞાતિમંડળની શૈક્ષણિક સમિતિએ શૈક્ષણિક પ્રોત્સાહન યોજના અંતર્ગત જ્ઞાતિના તેજસ્વી વિદ્યાર્થીઓ માટે તા.૦૪-૧૦-૨૦૨૬, રવિવારે શૈક્ષણિક પુરસ્કાર સમારોહ તેમજ વિદ્યાર્થીઓની વિવિધ પ્રવૃત્તિમાં ટેલેન્ટ નિખરી આવે એવો સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરેલું.

સ્વ.શારદાબેન અને સ્વ.ચીનુભાઈ શાહ બોકરવાડા-હાલ:અમદાવાદના સુપુત્ર ચિ.પંકજભાઈ શાહે અમદાવાદ જ્ઞાતિમંડળની શૈક્ષણિક પ્રોત્સાહન યોજનામાં રૂા.૩૧૦૦૦/-નું દાન અર્પણ કરેલ છે. શ્રી પંકજભાઈએ ટોરેન્ટ પાવરમાં દીર્ઘ સમય સુધી સેવા આપીને હાલમાં નિવૃત્ત છે. તેઓ મહેનતુ, મિતભાષી અને સરળ છે. શેઠ શ્રી જયંતીલાલ મંગળદાસ શાહ (લણવા)ના દિકરી રંજનબેન તેમના ધર્મપત્ની છે અને તેઓ પણ ધર્મિષ્ઠ અને મળતાવડા છે. શિક્ષિત પંકજભાઈનો પરિવાર પણ સુશિક્ષિત છે. તેમનો જયેષ્ઠ પુત્ર ચિ.કૌશલભાઈ (સોફ્ટવેર એન્જિનીયર) છે અને બીજો પુત્ર ચિ.ડૉ. દિપેન (પિડિયાટ્રિશિયન) તથા તેમના ધર્મપત્ની ડૉ.ખુશાલીબેન (ગાયનેક) છે.

શ્રી પંકજભાઈ હમેશાં જ્ઞાતિની સેવાકીય પ્રવૃત્તિઓમાં આર્થિક સહયોગ આપતા રહ્યા છે. અગાઉ નાગેશ્વર યાત્રાપ્રવાસમાં એક બસના દાતા તરીકે તેમણે લાભ લીધો હતો. શ્રીમતી રંજનબેને અગાઉ તપસ્વી બહુમાનના સ્વાગત પ્રમુખ તરીકે રૂા.૧૫૦૦૦/-નું દાન આપ્યું હતું.

શિક્ષણનું મહત્વ સમજનારા શ્રી પંકજભાઈએ અમદાવાદ જ્ઞાતિમંડળના શૈક્ષણિક પ્રોત્સાહન યોજનામાં આ દાન આપીને વિદ્યાર્થીઓને ઉત્તેજન આપ્યું છે તે બદલ મંડળ તેમનો ખૂબ આભાર માને છે.

## શૈક્ષણિક પુરસ્કાર સમારોહના સ્વાગત પ્રમુખ

**રૂા.૨૧૦૦૦/-**



શ્રી સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી
(રણુંજ-અમદાવાદ)

દાનવીર શ્રી સુરેશચંદ્ર રસિકલાલ ગાંધી (રણુંજ-અમદાવાદ) ના નામથી સૌ જ્ઞાતિજનો સુપરિચિત છે. તેમણે તેમના પૂ.માતુશ્રી શાંતાબેન, પૂ.પિતાશ્રી રસિકલાલ, ધર્મપત્ની પુષ્પાબેન તથા પુત્ર મુકેશભાઈની પુણ્યસ્મૃતિરૂપે અને આત્મશ્રેયાર્થે અમદાવાદ જ્ઞાતિમંડળને શૈક્ષણિક પ્રોત્સાહન યોજનામાં રૂા.૫,૨૧,૦૦૦/- તથા સાધર્મિક વાત્સલ્ય યોજનામાં રૂા.૫,૨૧,૦૦૦/-નું દાન આપેલું છે. પાલીતાણાની તીર્થભૂમિ પર ઊપધાન તપની આરાધનાનું આયોજન પણ કરાવેલું છે. સમૂહલગ્નોત્સવ, સમેતશિખરજી યાત્રા પ્રવાસ, શુભલગ્ન યોજના વગેરે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં તેમણે સારો એવો આર્થિક સહયોગ આપેલો છે.

તેમના સુપુત્રો ચિ.શ્રીદિલીપભાઈ અને ચિ.શ્રી વિક્રમભાઈ અને પુત્રવધુઓ સૌ પરિવાર શ્રી સુરેશચંદ્ર ગાંધીને જ્ઞાતિના અને વતનના સમાજ સેવાના અને ધાર્મિક કાર્યોમાં સંપૂર્ણ સાથ-સહકાર આપી રહ્યા છે.

શ્રી સુરેશચંદ્ર ગાંધીએ જ્ઞાતિમંડળમાં સલાહકાર તરીકે સતત માર્ગદર્શન આપ્યું છે. આવા સૌજન્યશીલ શ્રી સુરેશચંદ્ર ગાંધીએ અમદાવાદ જ્ઞાતિમંડળના શૈક્ષણિક પ્રોત્સાહન યોજનામાં રૂા.૨૧૦૦૦/-નું દાન આપીને તેમની યશકલગીમાં વધુ એક પિચ્છ ઉમેર્યું છે. જ્ઞાતિમંડળ તેમની આ ઉદાર ભાવના માટે ખૂબ આભાર વ્યક્ત કરે છે.



મંજુલાબેન ચીનુભાઈ શાહ,ભાલક
(ભાલક-હાલ:અમદાવાદ)
જન્મ તા.૧૫-૦૯-૧૯૩૯ ❖ સ્વ.૦૫-૦૪-૨૦૨૪

**માણસ કેવો છે.? એ અભિપ્રાય તમે કેવા માણસ પાસેથી લ્યો તેના પર આધાર છે.**

રાજેશકુમાર ચીનુભાઈ શાહ
હેમાબેન રાજેશકુમાર શાહ
અનાલી • રોમીલ • રીમા • રવિકુમાર
રીવા • કહાન • ક્રીયાન

સંપાદકીય લેખ

# માહિતી એ જ્ઞાન નથી

## મુખ્ય મુદ્દો એ છે કે માહિતી કોને કહેવી અને જ્ઞાન કોને કહેવું.

- વ્યવસ્થિત ગોઠવાયેલા ડેટાને જ્યારે કોઈ સંદર્ભમાં ગોઠવવામાં આવે ત્યારે તે માહિતી (Information) બને છે. તે માહિતીને જ્યારે કોઈ  વ્યક્તિ પોતાના અનુભવ, બુધ્ધિ, સમજણથી વાસ્તવિક ઉપયોગ કરે ત્યારે તે જ્ઞાન બને છે.
- પુસ્તકો, અખબાર, ઈન્ટરનેટ, ઓન લાઈન આર્ટીકલ, આંકડા એ માહિતીનું સ્વરૂપ છે. જ્યારે જ્ઞાન એ જે તે વ્યક્તિના મગજમાં સંગૃહિત થતી માનસિક પ્રક્રિયા છે.
- માહિતી – વાંચીને, સાંભળીને કે જોઈને સરળતાથી મેળવી શકાય છે જ્યારે જ્ઞાન મેળવવા માટે નિયમિત શીખવું, સમજવું અને તેની અનુભૂતિ કરવી પડે છે.
- માહિતી, વ્યક્તિને માત્ર કોઈ સવાલનો જવાબ આપે છે. (શું, ક્યાં, ક્યારે?) જ્યારે જ્ઞાન એ સમજાવે છે કે મેળવેલી માહિતીનો ઉપયોગ કેવા સંજોગોમાં, કેવી રીતે અને શા માટે કરવો જોઈએ.

વર્તમાન દુનિયા માહિતીની છે. ઈન્ટરનેટ, અખબારો, સામયિકો, ટી.વી.ના કાર્યક્રમો, ક્વીઝ કે વિશ્વકોષ દ્વારા કોઈ પણ માહિતી મેળવી શકાય છે. સામાન્ય રીતે બે કે બે થી વધારે વ્યક્તિઓ જ્યાં પણ મળે ત્યારે વાતચીતમાં તેઓ દેશ–દુનિયાના સાંપ્રત પ્રવાહો, રાજકારણ, સમાજ, ક્રિકેટ, શેરબજાર, ધર્મસંસ્થાઓ વગેરે..... વિશે કેટલું બધું જાણે છે. તે વ્યક્ત કરીને સામેની વ્યક્તિઓને પ્રભાવિત કરવા પ્રયાસ કરતા હોય છે. પરંતુ તે જ્ઞાન નથી, માહિતી–જાણકારી છે.

એ હકીકત છે કે આપણા સરેરાશ નાગરિકનું સામાન્ય જ્ઞાન ઓછું છે, એમાંયે નવી પેઢીના શિક્ષિત યુવાવર્ગને ભારતના રાષ્ટ્રપતિ કોણ છે? સરદાર પટેલ કોણ હતા? કે ગીતાંજલિ શું છે? તે ખબર ન હોય તો તે દયાજનક કહેવાય. જેમને ક્રિકેટ, સિનેમામાં રસ હોય છે તેમને તેની માહિતી હોય છે પરંતુ સ્પોર્ટ્સમાં આપણા કયા ખેલાડીએ મેડલ જીત્યા તે ખબર ન હોય. દેશ–દુનિયાના ઈતિહાસ અને ભૂગોળની તેમની જાણકારી અલ્પ હોય છે.




એ કબૂલ કે દરેક વ્યક્તિ દરેક વિષયમાં ઊંડો રસ ધરાવતો હોતો નથી અને એ જરૂરી પણ નથી, પરંતુ જાણવા જેવા વિષયોની માહિતી તો દરેક નાગરિકને હોવી જોઈએ. જિજ્ઞાસા–જાણવાની આતુરતા હોવી જોઈએ, અત્યાર સુધી ભારતની ઉત્તરે કાશ્મીર અને દક્ષિણે કન્યાકુમારી છે એવું જાણતા હતા, પણ એક કાર્યક્રમ દ્વારા જાણ્યું કે દક્ષિણે અંતિમ છેડે 'ઈન્દિરા પોઈન્ટ' નામની જગ્યા છે.

સામાન્ય જ્ઞાન કે માહિતી મેળવવા માટે દરેક નાગરિકે દરરોજ બે કલાક અખબારો, સામયિકો વાંચવા જોઈએ. મોબાઈલના સ્ક્રીન ઉપર સતત વ્યસ્ત રહેનાર યુવાવર્ગે તો ખાસ વાંચનની ટેવ પાડવી જોઈએ. એટલે જ હવે દેશ અને દુનિયામાં મોબાઈલનું વળગણ છોડાવીને પુસ્તકો વાંચવા માટે અભિયાન શરૂ થયા છે.

પોપટની જેમ, સામાન્ય જ્ઞાનના જવાબ ગોખી લેનાર આપોઆપ સારો નાગરિક બની જતો નથી. જીવન તો આવી ઉપલક બાબતો કરતાં ઘણું અટપટું, વિષમ છે. જીવનની સમસ્યાઓ ઉકેલવા માટે માનવી પાસે શાણપણ અને પરિપક્વતા જોઈએ. માહિતી કે જાણકારી જરૂરી છે પણ એ જાણકારીનો જીવનમાં કુશળતાથી વિનિયોગ કરી શકે એ જ જીવન સાર્થક કરી શકે.

માહિતીના ટુકડાઓને જ્ઞાન ન કહેવાય. જ્ઞાન તો બહુ ઊંચી ચીજ છે. સારા માનવી બનવા માટેની સીડીના ત્રણ પગથિયા :– માહિતી, ડહાપણ અને જ્ઞાન. પરંતુ માહિતીને જ્ઞાન માની લેવાથી તો ઊલટું માણસને નુકશાન થવાની પૂરી શક્યતા છે. General Knowledge કરતાં જ્ઞાન એ તો બિલકુલ અલગ, અનોખી, અણમોલ બાબત છે. જ્ઞાન છીછરું ન હોય, જ્ઞાન ગહન છે.

મારી સમજ પ્રમાણે, પરમાત્મા મહાવીર સ્વામીએ જે દેશના–ઉપદેશ આપ્યા તે તથા આગમો, પૂર્વાચાર્યોએ ધર્મગ્રંથોમાં જે શ્રુતજ્ઞાન આપ્યું તે જ્ઞાન ગણાય જેનાથી આત્માનું કલ્યાણ થાય. દરેક ધર્મના સ્થાપકો અને તેમના ધર્મગ્રંથ, શાસ્ત્રો, વેદો, ઉપનિષદો, પુરાણો, ઋષિમુનિઓની વાણી,  આ બધું જ્ઞાનની શ્રેણીમાં આવે જે ગ્રહણ કરીને જીવાત્મા આ મૃત્યુલોકમાંથી મોક્ષ તરફ પ્રયાણ કરી શકે. પ્રાચીન કાળથી વિશ્વમાં જે જે દિવ્ય આત્માઓ થયા તેમણે તપ–સાધના કરીને, સિદ્ધિ પ્રાપ્ત કરી અને પછી પોતાના આચરણ–ઉપદેશથી અસંખ્ય જીવોને કલ્યાણ માર્ગે દોર્યા તે જ્ઞાન. જ્ઞાન જેવી પવિત્ર ચીજ કોઈ નથી. આત્મજ્ઞાનથી જ આત્માનો ઉધ્ધાર કરે તે જ્ઞાન. હું કોણ છું? મારું સ્વરૂપ શું છે? મારા કેવાં કર્મોથી મેં અહીં જન્મ લીધો હશે અને હવે કેવા કર્મો કરું તો હું ઉચ્ચ ગતિમાં જઈ શકું તેવું તત્ત્વ ચિંતન કરનાર આત્મજ્ઞાની બની શકે.

બકુભાઈ સી. ગાંધી(સમોડા) - સંપાદક • રમેશભાઈ સી. શાહ(કમાણા) - સહસંપાદક

# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

## તપસ્વી બહુમાન ૨૦૨૬

### ❁ માસક્ષમણ ❁

| | | |
|---|---|---|
| ૧) | નિહાલ ચિરાગભાઈ શાહ | (ઉનાવા) |

### ❁ સિધ્ધિ તપ ❁

| | | |
|---|---|---|
| ૧) | કૌશીકભાઈ રમેશચંદ્ર શાહ | (ઉનાવા) |
| ૨) | વંશ કેતુલકુમાર શાહ | (મણુંદ) |
| ૩) | કાનન દીપલભાઈ શાહ | (ઉનાવા) |
| ૪) | કલ્પનાબેન એમ. શાહ | (ઉનાવા) |
| ૫) | હેત્વી હાર્દિકભાઈ શાહ | (બોકરવાડા) |
| ૬) | વલય જયેશભાઈ શાહ | (વિસનગર) |
| ૭) | જ્યોતીબેન જયેશભાઈ શાહ | (વિસનગર) |
| ૮) | પ્રીતીબેન ભાવેશભાઈ શાહ | (ભાલક) |
| ૯) | આદિ માર્મિકભાઈ શાહ | (વડાવલી) |
| ૧૦) | દેવાંશીબેન ભરતભાઈ શાહ | (ઉનાવા) |
| ૧૧) | ભરતભાઈ છોટાલાલ શાહ | (ઉનાવા) |

### ❁ ૧૬ ઉપવાસ ❁

| | | |
|---|---|---|
| ૧) | વિરાંશ ગૌરાંગભાઈ શાહ | (બોકરવાડા) |
| ૨) | હેત હાર્દિકભાઈ શાહ | (બોકરવાડા) |

### ❁ ૧૦ ઉપવાસ ❁

| | | |
|---|---|---|
| ૧) | દિપીકાબેન હર્ષદભાઈ શાહ | (ગાંભુ) |

### ❁ ૯ ઉપવાસ ❁

| | | |
|---|---|---|
| ૧) | હીના અમીતભાઈ શાહ | (તરભ) |
| ૨) | મુકેશભાઈ સુમતીલાલ શાહ | (ઉનાવા) |
| ૩) | ભૂમી અમીતભાઈ શાહ | (ભાલક) |

### ❁ અઠ્ઠાઈ તપ ❁

| | | |
|---|---|---|
| ૧) | દિપીકાબેન નરેન્દ્રભાઈ શાહ | (ભાલક) |
| ૨) | સુરાલી રશ્મીનભાઈ શાહ | (ઉનાવા) |
| ૩) | નીર્મિત રશ્મીનભાઈ શાહ | (ઉનાવા) |
| ૪) | ધર્મી મિલનભાઈ શાહ | (મોટપ) |
| ૫) | સોનલબેન નયનભાઈ શાહ | (તરભ) |
| ૬) | વૈરાજ હેમાંગભાઈ શાહ | (ઉનાવા) |
| ૭) | જૈનમ મૌલિકભાઈ શાહ | (ગાંભુ) |
| ૮) | ક્રિષ્ના અભિષેકભાઈ શાહ | (લુણવામંડાલી) |
| ૯) | જૈનીલ અમીતકુમાર શાહ | (ખરોડ) |
| ૧૦) | જૈનમ અમીતકુમાર શાહ | (ખરોડ) |
| ૧૧) | શૌર્ય ઉમંગભાઈ શાહ | (ભાલક) |
| ૧૨) | નીશી હનીકુમાર શાહ | (તરભ) |
| ૧૩) | જયાબેન સુનીલભાઈ શાહ | (રણુંજ) |
| ૧૪) | ધ્રુવી હનીભાઈ શાહ | (ભાલક) |
| ૧૫) | યશ પ્રજ્ઞેશભાઈ શાહ | (મણુંદ) |
| ૧૬) | વૈભવી પ્રજ્ઞેશભાઈ શાહ | (મણુંદ) |
| ૧૭) | અમીતભાઈ દિનેશકુમાર શાહ | (તરભ) |
| ૧૮) | ફેનીલ મનીષભાઈ શાહ | (વિસનગર) |
| ૧૯) | હેત નિશાંતભાઈ શાહ | (પાલજ) |
| ૨૦) | હેમાબેન પ્રજ્ઞેશકુમાર શાહ | (બોકરવાડા) |
| ૨૧) | હેનીલ મલયભાઈ શાહ | (ઉનાવા) |
| ૨૨) | વંશીકા અમીતકુમાર શાહ | (મોઢેરા) |
| ૨૩) | રશ્મીકા મનીષભાઈ શાહ | (દેણપ) |

### ❁ ક્ષીર સમુદ્ર ❁

| | | |
|---|---|---|
| ૧) | સ્મૃતિ ચિંતનભાઈ શાહ | (ઉંઢાઈ) |
| ૨) | કિંજલ વિશાલભાઈ શાહ | (મણુંદ) |
| ૩) | ચાર્વી ધવલભાઈ શાહ | (ઉનાવા) |
| ૪) | તનીશા ધવલભાઈ શાહ | (ઉનાવા) |
| ૫) | રીયા જીગરભાઈ શાહ | (ભાલક) |

### ❁ ૬૪ પ્રહરી પૌષધ (અઠ્ઠાઈ) ❁

| | | |
|---|---|---|
| ૧) | કેતુલભાઈ પંકજભાઈ શાહ | (મણુંદ) |
| ૨) | દીપ સંજયભાઈ શાહ | (દાસજ) |
| ૩) | રીટાબેન કેતનકુમાર શાહ | (કહોડા) |
| ૪) | દિલીપકુમાર રમણલાલ શાહ | (ઉનાવા) |
| ૫) | રાગીણીબેન રમેશભાઈ શાહ | (ભાલક) |

### ❁ વર્ષીતપ ❁

| | | |
|---|---|---|
| ૧) | નયનાબેન દિલીપકુમાર શાહ | (ઉનાવા) |
| ૨) | અક્ષય દિલીપકુમાર શાહ | (ઉનાવા) |
| ૩) | કલ્કીબેન મનીષભાઈ ગાંધી | (રણુંજ) |
| ૪) | હેતલબેન નિશાંતભાઈ શાહ | (પાલજ) |
| ૫) | નિશાંત દિનેશભાઈ શાહ | (પાલજ) |
| ૬) | દિપીકાબેન કિરણભાઈ શાહ | (બોકરવાડા) |
| ૭) | વીરબાળાબેન મહેશભાઈ શાહ | (બોકરવાડા) |
| ૮) | રાગીણીબેન રમેશભાઈ શાહ | (ભાલક) |
| ૯) | નયનાબેન ભરતભાઈ શાહ | (ભાલક) |
| ૧૦) | જયશ્રીબેન ઉપેન્દ્રભાઈ શાહ | (રણુંજ) |

### ❁ ઉપધાન તપ ❁

| | | |
|---|---|---|
| ૧) | શાશ્વત ચિરાગભાઈ શાહ | (ભાલક) |
| ૨) | ધ્યાના રીતેશભાઈ શાહ | (ઉનાવા) |
| ૩) | મુગ્ધાબેન આશીષભાઈ શાહ | (ગાંભુ) |
| ૪) | તિતિક્ષાબેન રાજેશભાઈ શાહ | (પાલજ) |
| ૫) | હિનાબેન અમીતભાઈ શાહ | (તરભ) |
| ૬) | ધન્વીબેન અમીતભાઈ શાહ | (તરભ) |
| ૭) | પક્ષાલ અમીતભાઈ શાહ | (તરભ) |

### ❁ પાંત્રીસુ ❁

| | | |
|---|---|---|
| ૧) | સંગીતા સુરેન્દ્રભાઈ શાહ | (મણુંદ) |
| ૨) | કેતકી ધવલભાઈ શાહ | (ભાલક) |
| ૩) | ખુશ્બુ ચિરાગભાઈ શાહ | (ભાલક) |

### ❁ અઠ્ઠાવીસુ ❁

| | | |
|---|---|---|
| ૧) | પન્નાબેન મુકેશભાઈ શાહ | (ભાન્ડુ) |

### ❁ અઢારીયું ❁

| | | |
|---|---|---|
| ૧) | પીરીધી હાર્દિકભાઈ શાહ | (સમોડા) |
| ૨) | પ્રીશા હાર્દિકભાઈ શાહ | (સમોડા) |

## સમાજના સભ્ય પરિવારના જન્મ દિવસ પર શુભેચ્છા

# દશે દિશાઓમાંથી દરેકને મન ઇચ્છિત ફળ પ્રાપ્ત થાય તેવી પ્રાર્થના...



કાજોલ તનેશકુમાર શાહ
ગામ : મણુંદ હાલ : પુના
મોબાઈલ : +૯૧ ૯૮૨૨૧૯૧૦૫૪
જન્મ તારીખ : ૩ ઓક્ટોબર



અશોકકુમાર કેશવલાલ શાહ
ગામ : મણુંદ હાલ : બોરીવલી
મોબાઈલ : +૯૧ ૯૮૨૦૯૨૯૨૬૨
જન્મ તારીખ : ૮ ઓક્ટોબર



મીનાબેન વિભાકરભાઈ શાહ
ગામ : ઉનાવા હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૮૭૯૧૧૦૭૬૨
જન્મ તારીખ : ૧૧ ઓક્ટોબર



તેજસકુમાર સુમતીલાલ શાહ
ગામ : ભાલક હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૮૨૪૬૪૦૫૫૫
જન્મ તારીખ : ૧૫ ઓક્ટોબર



સોનાલીબેન અક્ષયકુમાર શાહ
ગામ : મણુંદ હાલ : પુના
મોબાઈલ : +૯૧ ૯૦૯૬૫૬૫૮૮૨
જન્મ તારીખ : ૧૬ ઓક્ટોબર



સોનલબેન પ્રકાશકુમાર શાહ
ગામ : બોરીઆવી હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૧૭૩૯૨૩૫૬૯
જન્મ તારીખ : ૧૮ ઓક્ટોબર



ડો. દિપલબેન ચિરાગભાઈ શાહ
ગામ : ઉનાવા હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૪૨૬૦૨૬૧૨૭
જન્મ તારીખ : ૨૧ ઓક્ટોબર



ડો. ચિરાગ ચંદ્રકાંતભાઈ શાહ
ગામ : ઉનાવા હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૩૨૭૦૩૮૮૦૩
જન્મ તારીખ : ૨૪ ઓક્ટોબર



વત્સલ પ્રકાશકુમાર શાહ
ગામ : બોરીઆવી હાલ : અમદાવાદ
મોબાઈલ : +૯૧ ૯૫૮૬૯૭૨૮૯૬
જન્મ તારીખ : ૨૪ ઓક્ટોબર



રાહી અક્ષયકુમાર શાહ
ગામ : મણુંદ હાલ : પુના
મોબાઈલ : +૯૧ ૯૦૯૬૫૬૫૮૮૨
જન્મ તારીખ : ૩૧ ઓક્ટોબર

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ

### રાસ-ગરબાના અલ્પાહારના દાતાશ્રી

**રૂા.૪૧,૦૦૦/-**



**શ્રીમતી પૂનમબેન ધવલભાઈ શાહ (ખરોડ)**

"માં આદ્યશક્તિના ગરબા એટલે જેમાં નારીના ભાવ તથા ભાવનાનું સ્વની ભૂમિકાથી સર્વની ભૂમિકાએ પહોંચતું સંવેદન હોય એવું શબ્દલય, ભાવલયને સંગીતની છટા અને છાકને અંક્તિ કરે એવું કાવ્યમય નિરુપણ હોય તથા તાળી અને ઠેક સાથે ગરબે ઘૂમવાનો પૂરતો અવકાશ હોય એવું ગીત તે 'માં' નો ગરબો."

માં આદ્યશક્તિના ગરબાના પાવન અવસરે આપણી જ જ્ઞાતિના ખરોડ નિવાસી સ્વ.નીતાબેન પ્રમોદભાઈ શાહના પુત્રવધુ શ્રીમતી પૂનમબેન ધવલભાઈ શાહે અલ્પાહારના દાતા તરીકે રૂા.૪૧,૦૦૦/-નું દાન મહિલા મંડળને અર્પણ કરેલ છે.

પૂનમબેન શ્રીમતી નીતાબેન પ્રમોદભાઈ શાહ તથા સસરા શ્રી પ્રમોદભાઈ શાહના સંસ્કારી પુત્રવધુ છે. તેઓ શ્રી ધવલભાઈ પ્રમોદભાઈ શાહના ધર્મચારીણી છે.

પૂનમબેન એક શિક્ષીત, કુશળ અને ધાર્મિક વિચારો ધરાવતા હોવાથી તેમનું વ્યક્તિત્વ પ્રેરણાદાયી છે. તેમણે B.Com તથા PGDCA જેવી શૈક્ષણિક લાયકાત પ્રાપ્ત કરી છે. તેઓને રસોઈ બનાવવાનો વિશેષ શોખ અને આવડત છે. વિવિધ પ્રકારની સ્વાદિષ્ટ વાનગીઓ બનાવવામાં નિપૂર્ણ હોવાથી આપણી જ્ઞાતિમાં વાનગી હરફાઈમાં પણ તેમને ઈનામ પ્રાપ્ત થયેલ છે. જે એમની આગવી ઓળખ ધરાવે છે.

શ્રી પ્રમોદભાઈ શાહ તેમજ તેમના પુત્ર ધવલભાઈ આપણી જ્ઞાતિમાં તથા ખરોડ મુકામે શાંતિનાથ ભગવાનના દેરાસરમાં અવાર નવાર દાન આપતા રહે છે જે અનુમોદનીય છે.

તેમના જીવનસાથી શ્રી ધવલભાઈ પ્રમોદભાઈ શાહ Accurate Fastners ની કંપનીના મેનેજીંગ ડાયરેક્ટર છે. એમના પિતાશ્રી પ્રમોદભાઈ શાહ એ પણ ૪૦ વર્ષથી આ પેઢીમાં સક્રિય સહયોગ આપ્યો છે.

તેઓ એક પ્રેમાળ માતા તરીકે પુત્ર નિહાર તથા પુત્રી શાલ્વીના ઉછેર અને સંસ્કારમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે. જેઓ માં બહુચર માતાની ખૂબ જ આરાધના કરે છે.

"શિક્ષણ, કૌશલ્ય અને સંસ્કારથી જીવનને સુંદર બનાવતી એક પ્રેરણાદાયી નારી છે."

નવરાત્રીના પાવન પર્વ નિમિત્તે હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે.

અમદાવાદ મહિલા મંડળમાં ગરબાના અલ્પાહારના દાતા તરીકે પદ શોભાવવા બદલ અમદાવાદ મહિલા મંડળ એમની ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે અને આવા સત્કાર્યો કરતા રહે એવી ભાવના વ્યક્ત કરે છે.

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ

### રાસ-ગરબાના અતિથિ વિશેષ દાતાશ્રી

**રૂા.૨૧,૦૦૦/-**



**શ્રીમતી રચનાબેન નિરવભાઈ શાહ (ભાલક)**

"જ્યારે પગ થાકી જાય છે ત્યારે હિંમત સાથ આપે છે. પણ જ્યારે બધા મોઢા ફેરવી લે છે ત્યારે કુળ દેવી માં જ તમારી સાથે રહે છે."

માં આદ્યશક્તિના ગરબાના પાવન પ્રસંગે આપણી જ જ્ઞાતિના શ્રીમતી રચનાબેન નિરવભાઈ શાહે રૂા.૨૧૦૦૦/-નું દાન અતિથિ વિશેષ દાતાશ્રી બનીને મહિલા મંડળને અર્પણ કરેલ છે. જેઓ હસુમતીબેન વિનોદભાઈ શાહ (ભાલક)ના પુત્રવધૂ છે.

રચનાબેનના પિતાશ્રી સુમતીલાલ છનાલાલ શાહ તથા માતુશ્રી અંજનાબેન સુમતીલાલ શાહ કે જેઓ મણુંદના વતની છે. રચનાબેન તેમના ધાર્મિક સંસ્કારોનો વારસો લઈને આવેલા હોઈ તેઓ ધર્મપ્રેમી તથા માતાજીમાં અતૂટ શ્રધ્ધા ધરાવે છે અને એમના સાસરા પક્ષને ઉજાગર કરેલ છે.

તેમના પતિશ્રી નિરવભાઈ વિનોદચંદ્ર શાહ Shubham Extrusion Machines નામની કંપનીના માલિક છે. તેઓ આ વ્યવસાય ૧૯૯૬ થી ચલાવી રહ્યા છે. રચનાબેન આ કંપનીમાં ૯ વર્ષથી HR Department સંભાળી રહ્યા છે. તેમનો મોટો દિકરો શુભમ અને રચનાબેન કંપનીના ડાયરેક્ટર છે. શુભમ અને જૈનમ બંને દિકરાઓએ B. E. Mechanical નો અભ્યાસ કરીને તેઓ પોતાની કંપનીમાં જોડાઈને કંપનીને આગળ લઈ જવામાં મહત્વનું યોગદાન આપ્યું છે. મોટા દીકરા શુભમની પત્ની પ્રાચી પણ કંપનીમાં માર્કેટીંગનું કામ સંભાળી રહ્યા છે. તેઓ પણ એમની કંપનીમાં મહત્વશીલ ભૂમિકા ભજવી રહ્યા છે.

આ પરિવારે લક્ષ્મીવર્ધક સંઘમાં નાગેશ્વર પાર્શ્વનાથ ભગવાન ભરાવવાનો લાભ લીધો હતો. તદ્ઉપરાંત સુકૃત સેન્ટર જૈનનગરમાં ભૂમિદાનમાં સહભાગી થવાનો લાભ લીધો હતો તથા અવાર નવાર જ્ઞાતિમાં પણ યોગદાન આપતા રહે છે.

અમદાવાદ મહિલા મંડળમાં અતિથિ વિશેષનું પદ શોભાવવા બદલ અમદાવાદ મંડળ એમની ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે અને આવા સત્કાર્યો કરતા રહે એવી ભાવના વ્યક્ત કરે છે.

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ

### રાસ-ગરબાના સહઅતિથિ વિશેષ દાતાશ્રી

**રૂા.૨૧,૦૦૦/-**



**શ્રીમતી જોલીબેન કિરણભાઈ શાહ (ભાલક)**

ગરબો એ ગુજરાતની કલ્ચરલ આઈડેન્ટિટી છે. એની સાથે આપણા ઉલ્લાસનું અનુસંધાન જોડાયેલું છે. નવરાત્રીના પાવન અવસરમાં જગદંબાની ભક્તિ કરીને આ ગરબા નિહાળવાનો લ્હાવો ધરાવનાર શ્રીમતી જોલીબેન કિરણભાઈ શાહે આપણી જ્ઞાતિના મહિલા મંડળને રૂા.૨૧૦૦૦/-નું દાન અર્પણ કરેલ છે. તેઓશ્રી કિરણભાઈ વિનોદભાઈ શાહના ધર્મચારિણી છે. જેઓ હસુમતીબેન વિનોદભાઈ મણીલાલ શાહના પુત્રવધુ છે.

જોલીબેનના પિતાશ્રી નરેશભાઈ કાંતીલાલ શાહ તથા માતુશ્રી હંસાબેન નરેશભાઈ શાહ કે જેઓ ખેડાના વતની છે. તેઓ માતા-પિતાના આશીર્વાદ તેમજ તેમના ધાર્મિક સંસ્કારોનો વારસો લઈ ખૂબ જ સારી એવી તપશ્ચર્યાઓ તેમજ અનેક ચઢાવા લઈ ચૂક્યા છે.

શ્રીમતી જોલીબેન કિરણભાઈ શાહે ૨ વર્ષીતપ, ૨ અઠ્ઠાઈ, નવપદની ઓળી, સિધ્ધિતપ, માસક્ષમણ જેવી ઉત્કૃષ્ટ આરાધનાઓ કરી છે.

તેમના પતિશ્રી કિરણભાઈ શાહ Kaivanya Extrusion Technic નો વ્યવસાય ૧૯૯૮ થી ચલાવી રહ્યા છે. તેઓ આ કંપનીના મેનેજીંગ ડાયરેક્ટર તરીકે સેવા આપીને એમના વ્યવસાયમાં મોખરાનું સ્થાન ધરાવે છે. એમના માતા-પિતાના સંસ્કારોનો વારસો એમણે જાળવી રાખ્યો છે.

જોલીબેન તથા કિરણભાઈને કાવ્ય નામનો દિકરો છે. જે 11th Science માં અભ્યાસ કરી રહ્યો છે. તેઓ સાથે સાથે માતાજીના પણ આરાધનાના ઉપાસક છે.

માં આદ્યશક્તિના ગરબામાં શ્રીમતી જોલીબેન કિરણભાઈ શાહે સહ અતિથિ વિશેષનું સ્થાન શોભાવવા બદલ જ્ઞાતિમંડળ તેઓશ્રીના પરિવારની ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે અને આવા સત્કાર્યો કરતા રહે તેવી ભાવના વ્યક્ત કરે છે.

**સોનલબેન સંજયભાઈ શાહ-મંત્રી ● પિંકીબેન સંદિપભાઈ શાહ-સહમંત્રી**

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ

**રાસ-ગરબાના સ્વાગત પ્રમુખ દાતાશ્રી**

**રૂા.૧૧,૦૦૦/-**



**શ્રીમતી સરોજબેન મુકેશભાઈ શાહ (ભાલક)**

**"સાથીયા પૂરાવો દ્વારે, દિવડા પ્રગટાવો રાજ,**
**આજ મારે આંગણે પધારશે માં પાવાવાળી,**
**જય અંબે જય અંબે અંબે**
**જય જય અંબે..."**

માં આદ્યશક્તિના ગરબામાં આપણી જ જ્ઞાતિના શ્રીમતી સરોજબેન મુકેશભાઈ શાહે રૂા.૧૧,૦૦૦/– નું દાન અર્પણ કરીને સ્વાગત પ્રમુખ તરીકેના દાતાશ્રીનો લાભ લીધેલ છે. તેઓ ભાલક ગામના વતની છે. તેઓ સ્વભાવે સરળ, નિખાલસ, કૌટુંબિક ભાવનાવાળા એવા અમારા સરોજબેન પૂના નિવાસી ગામ: લણવાના વિમળાબેન રસીકલાલ શાહના પુત્રી છે. માતુશ્રી વિમળાબેનના અવસાન બાદ તેમના પિતાશ્રીને પૂનાથી પોતાના ઘરે લાવી સેવા–ચાકરી કરી પુત્રીની ફરજ પૂરી પાડી હતી. મુકેશભાઈની પણ લાંબી માંદગીમાં સેવા–ચાકરી કરી હતી.

સરોજબેન ધાર્મિક પ્રવૃત્તિમાં રંગાયેલ હોઈ માતાજીની સાચા દિલથી આરાધના કરે છે અને સાથે સાથે તેમના જીવનકાળ દરમ્યાન અઠ્ઠાઈ, સોળ ઉપવાસ, નવપદની ઓળી, કલ્યાણ તપ, વર્ધમાન તપની ઓળી આવી ઘણી બધી નાની–મોટી તપશ્ચર્યાઓ કરેલી છે અને હાલમાં તેઓ પાલીતાણામાં ચોમાસુ કરીને ધર્મમય બનીને આવ્યા છે.

સરોજબેન છેલ્લા ૧૮ વર્ષથી હાલમાં મહિલા મંડળમાં સક્રિય રીતે સેવાઓ આપી રહ્યા છે. તેમના બંને દિકરા જીગર–હિમાદ્રી તેમજ મૌલીક–આનલ તથા પ્રપૌત્ર અને પ્રપૌત્રી રીયા, કહાન અને વીહા પણ દરેક પ્રવૃત્તિમાં એમને સાથ સહકાર આપી રહ્યા છે. શ્રી મુકેશભાઈ પણ સરોજબેનને ધાર્મિક પ્રવૃત્તિમાં સહાય અને યોગદાન આપતા હતા.

માં આદ્યશક્તિના ગરબામાં શ્રીમતી સરોજબેન મુકેશભાઈ શાહે સ્વાગત પ્રમુખનું સ્થાન શોભાવવા બદલ જ્ઞાતિ મંડળ તેઓશ્રીના પરિવારની ભૂરિ ભૂરિ અનુમોદના કરે છે અને આવા સત્કાર્યો કરતા રહે તેવી ભાવના વ્યક્ત કરે છે.

# સાધર્મિક વાત્સલ્ય યોજના દાન-ફંડ-ભેટ

**રૂા.૨૧૦૦૦/-**



સ્વ.બાબુભાઈ દલસુખલાલ ગાંધી
(મોઢેરા-હાલઃ અમદાવાદ)

સ્વર્ગસ્થ શ્રી બાબુભાઈ દલસુખલાલ ગાંધીએ (મોઢેરા–હાલ: અમદાવાદ) અમદાવાદ જ્ઞાતિમંડળની શૈક્ષણિક પુરસ્કાર યોજના, શૈક્ષણિક પ્રોત્સાહન યોજના, ઓફિસ કાર્યાલયનો રૂમ તથા પ્રથમ માળે સૂર્યદિપ હોલ ના દાતા તરીકે તેમજ અન્ય ક્ષેત્રોમાં માતબર આર્થિક સહયોગ આપેલો છે. તે બદલ અમદાવાદ જ્ઞાતિ મંડળ કૃતજ્ઞતા વ્યક્ત કરે છે.

સદ્‌ગત શ્રી બાબુભાઈની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે તેમના આત્મશ્રેયાર્થે તેમની સુપુત્રીઓ ચિ.નીપાબેન અને ચિ.રૂપાલીબેને અમદાવાદ જ્ઞાતિમંડળની સાધર્મિક વાત્સલ્ય યોજનામાં રૂા.૨૧૦૦૦/–નું દાન આપીને પિતૃઋણ અદા કર્યુ છે. જ્ઞાતિના સાધર્મિકો પ્રત્યેની તેમની લાગણીને જ્ઞાતિમંડળ બિરદાવે છે અને આ બંને બેનોનો ખૂબ આભાર માને છે.

# શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ

**તા.૧૧-૧૦-૨૦૨૬, રવિવાર ❊ પ્રિત પાર્ટી પ્લોટ**

**-: રાસ ગરબાના દાતાશ્રીઓ :-**

**રાસ-ગરબાના અલ્પાહારના મુખ્ય દાતાશ્રીઓ**
**રૂા. ૪૧,૦૦૦/- સ્વ.નીતાબેન પ્રમોદભાઈ શાહ (ખરોડ)**

**રાસ-ગરબાના અતિથિ વિશેષ દાતાશ્રી**
**રૂા. ૨૧,૦૦૦/- શ્રીમતી રચનાબેન નીરવભાઈ શાહ (ભાલક)**

**રાસ-ગરબાના સહ અતિથિ વિશેષ દાતાશ્રી**
**રૂા. ૨૧,૦૦૦/- શ્રીમતી જોલીબેન કિરણભાઈ શાહ (ભાલક)**

**રાસ-ગરબાના સ્વાગત પ્રમુખ દાતાશ્રી**
**રૂા. ૧૧,૦૦૦/- શ્રીમતી સરોજબેન મુકેશભાઈ શાહ (ભાલક)**

**સહાયક દાતાશ્રીઓ**

૫,૦૦૦/- પ્રવિણાબેન બકુભાઈ ગાંધી (સમોડા)
૫,૦૦૦/- દેવલબેન કિરણભાઈ શાહ (તરભ)
૫,૦૦૦/- કલાવતીબેન જયંતીલાલ શાહ (લણવા)
૫,૦૦૦/- શીલ્પાબેન મયુરભાઈ શાહ (રણુંજ)
૫,૦૦૦/- સ્મીતાબેન મહેશભાઈ શાહ (ખરોડ)
૩,૧૦૦/- જયશ્રીબેન નયનભાઈ શાહ (ઉનાવા)
૩,૧૦૦/- ચેતનાબેન ભરતભાઈ શાહ (બોરીયાવી)
૩,૧૦૦/- મીનાબેન વિભાકરભાઈ શાહ (ઉનાવા)
૩,૧૦૦/- જીજ્ઞાબેન જીતેશભાઈ શાહ (બોરીયાવી)
૩,૧૦૦/- સેવંતીલાલ ઉત્તમલાલ શાહ (પીંઢારપુરા)
૩,૧૦૦/- ડૉ. દિપલબેન ચિરાગભાઈ શાહ (ઉનાવા)
૨,૧૦૦/- સૂર્યાબેન નાથાલાલ શાહ (મોટીદાઉ)
૨,૧૦૦/- કલ્પનાબેન નિલેશભાઈ શાહ (દાસજ)
૨,૧૦૦/- મીતાબેન ભૂપતભાઈ શાહ (પિંઢારપુરા)
૨,૧૦૦/- જયાબેન ભાઈલાલભાઈ ગાંધી (સમોડા)
૨,૦૦૭/- બેલાબેન વિજયભાઈ શાહ (બોરીયાવી)
૨,૦૦૦/- દિપાલીબેન માલવભાઈ શાહ (ગાંભુ)
૨,૦૦૦/- કોકિલાબેન કુમારપાળ ગાંધી (મોઢેરા)
૨,૦૦૦/- પુષ્પાબેન નવિનચંદ્ર શાહ (પિંઢારપુરા)
૨,૦૦૦/- છાયાબેન ભાવિકભાઈ શાહ (પિંઢારપુરા)
૨,૦૦૦/- રમેશભાઈ નરોત્તમદાસ શાહ (ઉનાવા)
૧,૫૦૦/- સુધાબેન હરેશભાઈ શાહ (ભાલક)
૧,૧૦૦/- જ્યોત્સનાબેન હસમુખલાલ શાહ (બોકરવાડા)
૧,૧૦૦/- સોનલબેન સંજયભાઈ શાહ (સમોડા)
૧,૧૦૦/- પિંકીબેન સંદિપભાઈ શાહ (ઉનાવા)
૧,૧૦૦/- મીનાબેન રાજેન્દ્રભાઈ શાહ (મોટપ)
૧,૧૦૦/- હેમાબેન રાજેશભાઈ શાહ (ભાલક)
૧,૧૦૦/- દિપાલીબેન ભાવિકભાઈ શાહ (બોકરવાડા)
૧,૧૦૦/- પ્રિતીબેન ભાવેશભાઈ શાહ (ભાલક)
૧,૧૦૦/- ફાલ્ગુનીબેન સમીરભાઈ શાહ (ભાલક)
૧,૧૦૦/- દેવાંશીબેન ભરતભાઈ શાહ (ઉનાવા)
૧,૧૦૦/- છાયાબેન ભદ્રેશભાઈ ગાંધી (રણુંજ)
૧,૧૦૦/- આશાબેન રમેશભાઈ શાહ (કમાણા)
૧,૧૦૦/- ગુણવંતીબેન જશવંતભાઈ શાહ (ભાલક)
૧,૧૦૦/- બીજલબેન અમીતભાઈ શાહ (તરભ)
૧,૧૦૦/- પ્રજ્ઞાબેન મિહિરભાઈ શાહ (બોકરવાડા)
૧,૧૦૦/- આશાબેન ભરતભાઈ શાહ (બોકરવાડા)
૧,૧૦૦/- શ્વેતાબેન ચિરાગભાઈ શાહ (તરભ)
૧,૧૦૦/- સુશીલાબેન નવિનચંદ્ર શાહ (લાછડી)
૧,૧૦૦/- કોકિલાબેન પ્રવિણચંદ્ર શાહ (લાછડી)
૧,૧૦૦/- બીનાબેન અલ્પેશભાઈ શાહ (દેલોલી)
૧,૧૦૦/- ટીનાબેન કલ્પેશબાઈ શાહ (બોરીયાવી)
૧,૧૦૦/- રેણુકાબેન દિલીપભાઈ શાહ (ખરોડ)
૧,૧૦૦/- રેખાબેન દિપકભાઈ શાહ (ઉનાવા)
૧,૧૦૦/- રેશ્માબેન મનીષભાઈ શાહ (ખરોડ)
૧,૧૦૦/- મધુમતી પરિવાર (બોકરવાડા)
૧,૧૦૦/- વૈશાલીબેન ઉન્મેષભાઈ શાહ (ઉનાવા)
૧,૧૦૦/- શર્મિષ્ઠાબેન જયેન્દ્રભાઈ શાહ (પિંઢારપુરા)
૧,૧૦૦/- શ્રધ્ધાબેન ધવલભાઈ શાહ (ઉનાવા)
૧,૦૦૦/- સુધાબેન કલ્પેશભાઈ શાહ (મણુંદ)
૧,૦૦૦/- વસુબેન પંકજભાઈ શાહ (ભાલક)
૧,૦૦૦/- રીટાબેન જયેન્દ્રભાઈ શાહ (બોકરવાડા)

સોનલબેન સંજયભાઈ શાહ–મંત્રી ● પિંકીબેન સંદિપભાઈ શાહ–સહમંત્રી

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મહિલા મંડળ, અમદાવાદ

### તપસ્વી બહુમાન-૨૦૨૬

**❁ મુખ્ય મહેમાન ❁**

રૂા. ૨૧,૦૦૦/- પ્રીતીબેન ભાવેશભાઈ શાહ (ભાલક)

**❁ અતિથિ વિશેષ ❁**

રૂા. ૧૫,૦૦૦/- મંજુલાબેન કિર્તીભાઈ શાહ (બોકરવાડા)

**❁ સહાયક દાતાશ્રીઓ ❁**

| | | |
|---|---|---|
| રૂા. ૫૦૦૪/- | બેલાબેન વિજયભાઈ શાહ | (બોરીઆવી) |
| રૂા. ૫૦૦૦/- | પ્રવિણાબેન બકુભાઈ ગાંધી | (સમોડા) |
| રૂા. ૫૦૦૦/- | દેવલબેન કિરણભાઈ શાહ | (તરભ) |
| રૂા. ૫૦૦૦/- | શીલ્પાબેન મયુરભાઈ શાહ | (રણુંજ) |
| રૂા. ૫૦૦૦/- | દિલીપભાઈ ભોગીલાલ શાહ | (ભાલક) |
| રૂા. ૫૦૦૦/- | ચેતનાબેન નીમેષભાઈ શાહ | (સમોડા) |
| રૂા. ૫૦૦૦/- | પ્રણાલીબેન કૌશલભાઈ ગાંધી | (મોઢેરા) |
| રૂા. ૫૦૦૦/- | જોલીબેન કિરણભાઈ શાહ | (ભાલક) |
| રૂા. ૫૦૦૦/- | ઈન્દુબેન વિરેન્દ્રભાઈ શાહ | (ગાંભુ) |
| રૂા. ૫૦૦૦/- | ઉર્મિલાબેન પ્રવિણચંદ્ર ગાંધી | (સમોડા) |
| રૂા. ૫૦૦૦/- | ભાનુમતીબેન બિપીનચંદ્ર શાહ | (રણુંજ) |
| રૂા. ૩૦૦૦/- | શાન્તાબેન નરોત્તમદાસ શાહ | (ઉનાવા) |
| રૂા. ૨૫૦૦/- | નીતાબેન પ્રમોદભાઈ શાહ | (ખરોડ) |
| રૂા. ૨૧૦૦/- | ભાનુમતીબેન નીતીનભાઈ શાહ | (રણુંજ) |
| રૂા. ૨૦૦૦/- | શારદાબેન ચંપકલાલ શાહ | (દેલોલી) |
| રૂા. ૧૫૦૦/- | ચિત્તલબેન રીતેશભાઈ શાહ | (ઉનાવા) |
| રૂા. ૧૧૦૦/- | ફેનીલભાઈ મનીષભાઈ શાહ | (ખરોડ) |
| રૂા. ૧૧૦૦/- | જ્યોત્સનાબેન ભગીરથભાઈ શાહ | (લુણવામંડાલી) |
| રૂા. ૧૧૦૦/- | ચેતનાબેન ભરતભાઈ શાહ | (બોરીઆવી) |
| રૂા. ૧૧૦૦/- | અંજનાબેન વિક્રમભાઈ ગાંધી | (રણુંજ) |
| રૂા. ૧૧૦૦/- | જીજ્ઞાબેન જીતેશભાઈ શાહ | (બોરિઆવી) |
| રૂા. ૧૧૦૦/- | સુધાબેન હરેશભાઈ શાહ | (ભાલક) |
| રૂા. ૧૧૦૦/- | દિપીકાબેન કિરણભાઈ શાહ | (બોકરવાડા) |
| રૂા. ૧૧૦૦/- | રેણુકાબેન દિલીપભાઈ શાહ | (ખરોડ) |
| રૂા. ૧૧૦૦/- | સોનલબેન મુકેશભાઈ શાહ | (ઉનાવા) |
| રૂા. ૧૧૦૦/- | સુરેખાબેન પ્રમોદભાઈ શાહ | (ભાલક) |
| રૂા. ૧૧૦૦/- | પન્નાબેન મુકેશભાઈ શાહ | (ભાન્ડુ) |
| રૂા. ૧૧૦૦/- | ગુણવંતીબેન જસવંતલાલ શાહ | (ભાલક) |
| રૂા. ૧૦૦૦/- | દિપીકાબેન હર્ષદભાઈ શાહ | (ગાંભુ) |
| રૂા. ૧૦૦૦/- | જ્યોત્સનાબેન હસમુખભાઈ શાહ | (બોકરવાડા) |
| રૂા. ૧૦૦૦/- | પીંકીબેન સંદિપભાઈ શાહ | (ઉનાવા) |
| રૂા. ૧૦૦૦/- | મીનાબેન રાજેન્દ્રભાઈ શાહ | (મોટપ) |
| રૂા. ૧૦૦૦/- | સોનલબેન સંજયભાઈ શાહ | (સમોડા) |
| રૂા. ૧૦૦૦/- | સુધાબેન કલ્પેશભાઈ શાહ | (મણુંદ) |
| રૂા. ૧૦૦૦/- | ડીમ્પલબેન કલ્પેશભાઈ શાહ | (મગુના) |
| રૂા. ૧૦૦૦/- | દિપાલીબેન ભાવિકભાઈ શાહ | (બોકરવાડા) |
| રૂા. ૧૦૦૦/- | રમાબેન હિંમતલાલ શાહ | (બોકરવાડા) |
| રૂા. ૧૦૦૦/- | દક્ષાબેન અશ્વિનભાઈ શાહ | (બોકરવાડા) |
| રૂા. ૧૦૦૦/- | કલ્પનાબેન અશોકભાઈ શાહ | (બોકરવાડા) |
| રૂા. ૧૦૦૦/- | રાગીણીબેન રમેશભાઈ શાહ | (ભાલક) |
| રૂા. ૧૦૦૦/- | હેમાબેન રાજેશભાઈ શાહ | (ભાલક) |
| રૂા. ૧૦૦૦/- | સરોજબેન મુકેશભાઈ શાહ | (ભાલક) |
| રૂા. ૧૦૦૦/- | દેવાંશીબેન ભરતભાઈ શાહ | (ઉનાવા) |
| રૂા. ૧૦૦૦/- | પુષ્પાબેન નવીનચંદ્ર શાહ | (પીંઢારપુરા) |
| રૂા. ૧૦૦૦/- | ભારતીબેન પંકજભાઈ શાહ | (મણુંદ) |
| રૂા. ૫૦૦/- | નીલાબેન જયેશભાઈ શાહ | (બોકરવાડા) |
| રૂા. ૫૦૦/- | સુશીલાબેન નવીનચંદ્ર શાહ | (લાછડી) |
| રૂા. ૫૦૦/- | કોકીલાબેન પ્રવિણચંદ્ર શાહ | (લાછડી) |
| રૂા. ૨૫૦/- | કમળાબેન અંબાલાલ શાહ | (મણુંદ) |
| રૂા. ૨૫૦/- | જયાબેન પ્રદીપભાઈ શાહ | (મણુંદ) |

**શરત ચૂકથી રહી ગયેલ નામ આવતા અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવશે.**

## શ્રી મહેસાણા પ્રાંત જૈન દશા શ્રીમાળી જ્ઞાતિ મંડળ, અમદાવાદ આયોજિત (૨૦૨૫-૨૬) નો શૈક્ષણિક પુરસ્કાર સમારોહ

**: કાયમી સૌજન્ય દાતા :**

**શ્રીમતી કંચનબેન બાબુલાલ દલસુખલાલ ગાંધી પરિવાર (મોઢેરા, અમદાવાદ)**

**સુપુત્રીઓ : રૂપાલી પરીનભાઈ, નીપા અમીતભાઈ**

આ પ્રોગ્રામનું આયોજન આ વર્ષે તા.૦૪-૧૦-૨૦૨૬ને રવિવાર બપોરે ૨ થી ૫ કલાકે મંડળના હોલ પર રાખવામાં આવેલ છે.

**: કાર્યક્રમની રૂપરેખા :**

• દીપ પ્રાગટ્ય • શ્રી સરસ્વતી માતાની પ્રાર્થના • આમંત્રિત મહેમાનોનું સ્વાગત • સાંસ્કૃતિક પ્રોગ્રામ (Solo Performance) • ઇનામ વિતરણ • ભોજન સમારંભ (ચૌવિહાર)

## ધાર્મિક સમાચાર

❁ શ્રી બોકરવાડા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા મહાવીર જન્મ કલ્યાણક ના દિવસે બોકરવાડા ગામમાં બિરાજમાન શ્રી અજીતનાથ દાદા ની સુંદર આંગી બનાવવામાં આવી તેમજ આરતી , મંગળ દીવો , ૫ સ્તવન સંગીત સાથે, ચામર નૃત્ય કરી તેમજ શ્રીફળ વધેરી ને ઉજવણી કરવામાં આવી અને તે દિવસે ગામમાં લાડવો અને સેવની ઘર દીઠ પ્રભાવના કરવામાં આવી તેમજ નાના બાળકોને બિસ્કીટના પેકેટો આપવામાં આવ્યા એ જ રીતે ગામમાં શ્રી નેત્રેશ્વરી માતાને ચુંદડી તેમજ શ્રીફળ ચઢાવવામાં આવ્યુ એજ દિવસે બે પાંજરાપોળમાં અબોલા જીવો ને ચોખ્ખા ઘીની લાપસી નું ભોજન તેમજ એક ઘરડા ઘરમાં ત્રણેય ટાઈમ મિષ્ટાન સાથેનું ભોજન તેમજ ગામમાં કૂતરા ને દૂધ અને બિસ્કીટ તેમજ કબૂતરોને ચણ નાખવામાં આવ્યું. તેમજ ૩૬૫ દિવસ માટે અબોલા પશુઓ ને પાણી મળી શકે તે માટે એક ફાઉન્ડેશનને પાણીની કુંડી માટે ડોનેશન આપવામાં આવ્યું. આ સમગ્ર પ્રવૃત્તિમાં બોકરવાડાના દરેક પરિવારજનો એ દિલથી રકમ લખાવી અને આ કાર્યને સફળ બનાવ્યો.

## આજીવન સભ્ય

**અમદાવાદ**

**ચિંતનકુમાર બીપીનકુમાર શાહ............................ઊંઢાઈ**
બી/૩, લબ્ધી એપાર્ટમેન્ટ, ૨૪, મોઢ ચાંપાનેર સોસાયટી, લક્ષ્મીનારાયણ મંદિરની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩. મો.: ૮૦૪૦૫૮૬૮૮૮, ૯૪૨૪૭૯૯૯૧૭

## બદલાયેલા સરનામા

**અમદાવાદ**

**પિયુષભાઈ ભાઈલાલ શાહ............................ગાંભુ**
બી/૨૦૨, સ્પર્શ એરોન, સ્પર્શ અરીસ્ટાની સામે, ન્યુ વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭. મો.: ૯૯૦૯૧૪૫૫૪૪

## ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ



# સ્વ. મંજુલાબેન ઇન્દ્રવદનભાઈ શાહ

**(ગામ : દેણપ હાલ : વલસાડ)**

**સ્વ.તા.૦૭-૦૯-૨૦૨૬**

સજ્જનતા તમારી સુવાસ હતી, પ્રસન્નતા તમારું જીવન હતું, સત્કર્મ તમારી શોભા અને પરોપકાર તમારું કર્તવ્ય હતું, ક્ષમા તમારો ગુણ હતો, ધર્મ કદી ભૂલ્યા નહી, વ્યવહાર કદી ચૂક્યા નહીં, તમારું હસતું મુખ અને મીઠો સ્વભાવ હંમેશા અમારી યાદોમાં જીવંત રહેશે.

**પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના**

**તમારી યાદો હંમેશાં અમારા હૃદયમાં જીવંત રહેશે.**

## :: સ્નેહીજનો ::

શૈલેશભાઈ નટવરલાલ ગાંધી (જમાઈ)
વંદનાબેન શૈલેશભાઈ ગાંધી (પુત્રી)
મૌલિક શૈલેશભાઈ ગાંધી (ભાણેજ)
ભૂમિકાબેન ધ્રુવેશકુમાર શાહ (ભાણી)
ધ્રુવેશકુમાર દિલીપભાઈ શાહ
(ભાણેજ જમાઈ)
**સમોડા પરિવાર**

હિતેશભાઈ ઇન્દ્રવદન શાહ (પુત્ર)
સ્મિતાબેન હિતેશભાઈ શાહ (પુત્રવધૂ)
દર્શિલ હિતેશભાઈ શાહ (પૌત્ર)
માન્યા હિતેશભાઈ શાહ (પૌત્રી)
**દેણપ પરિવાર**

હંસાબેન ઉમંગલાલ શાહ
ધર્મેશ ઉમંગલાલ શાહ

સૌરભભાઈ નરેન્દ્રભાઈ શાહ (જમાઈ)
પિંકીબેન સૌરભભાઈ શાહ (પુત્રી)
નિધિ કુશાન શાહ (ભાણી)
રોહન સૌરભભાઈ શાહ (ભાણેજ)

# અશ્રુભીની શ્રધ્ધાજલિ



## સ્વ.બાબુલાલ દલસુખલાલ ગાંધી (મોઢેરા)

જન્મ તા.૦૩-૦૩-૧૯૩૬ • સ્વ.તા.૦૪-૦૯-૨૦૨૬

**ભુલાઈ જશે બધું પણ તમે કદી ભુલાશો નહીં.**

પિતૃદેવો ભવ । દૈવયોગે દેવ તુલ્ય સ્વ.બાબુભાઈ જેવા પિતા અમને મળ્યા છે.

યુવાનીમાં ખૂબ પરિશ્રમ કરીને તેમણે સંપત્તિનો સંચય કર્યો અને અમને સર્વ પ્રકારે સુખ આપ્યું. જ્ઞાતિ-સમાજમાં, સંઘમાં, ધર્મક્ષેત્રે આપે ઉદાર દિલે કરેલાં સત્કાર્યો અને સજ્જનતાની સુવાસ સદાયે મહેંકતી રહેશે.

વ્હાલના વડલા જેવી આપની હયાતી અમારી પ્રેરણા અને હૂંફ હતાં, તે અત્યારે અમારી વચ્ચે નથી. તમારી ખોટ અમને હરપળ સાલશે. સમય તો વીતતો જશે પણ પિતાજી, આપનો પ્રેમાળ, હસમુખો સ્વભાવ, વાત્સલ્ય, સંસ્કાર-સિંચન, સકારાત્મક જીવનશૈલીના ગુણો, પરોપકારની ભાવના, સૌ સ્નેહીજનો પ્રત્યેની લાગણી આ બધુ અમારી સ્મૃતિમાં કાયમ અકબંધ રહેશે.

પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી અમારી હાર્દિક હૃદયાંજલિ સાથે પ્રાર્થના.

## સ્વ.કંચનબેન બાબુલાલ ગાંધી મોઢેરા પરિવાર

નીપા અમિતકુમાર
અનિપ - અનેરી
આયુષી ફેમિલકુમાર

રૂપાલી પરિનકુમાર
દેવાંશ પરિનકુમાર
અંશુલ પરિનકુમાર

અનાયરા અનિપ

## નવમી વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની સ્મરણાંજલિ



# સ્વ. અ.સૌ. કમળાબેન સેવંતીલાલ શાહ

**જન્મ તા.૨૫-૦૧-૧૯૩૧ ● સ્વ.તા.૦૫-૧૦-૨૦૧૭**

જીવન સદાય એવું જીવ્યાં કે જોનારા જોયા કરે, કર્મ સદાય એવાં કર્યાં કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે,
દુઃખથી કદી ડર્યાં નથી, વ્યવહાર કદી ચૂક્યાં નથી, ધર્મ કદી ભૂલ્યાં નથી, સુખ દુઃખમાં સદા હસતાં રહ્યાં
તમે મોત સામે સતત સંઘર્ષ કરી વિદાય લીધી, દિલ માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી.
પ્રભુ આપના આત્માને શાશ્વત શાંતી અર્પે એવી પ્રાર્થના

## સેવંતીલાલ માધવલાલ શાહ પરિવાર (મણુંદ-હાલઃ બોરીવલી, મુંબઈ)

મુકેશભાઈ સેવંતીલાલ શાહ
સુરેખાબેન મુકેશભાઈ શાહ
મીતુલ મુકેશભાઈ શાહ
મીનલ મીતુલ શાહ
ઈશા મીતુલ શાહ
ધ્રુવી મીતુલ શાહ

પ્રકાશભાઈ સેવંતીલાલ શાહ
મમતાબેન પ્રકાશભાઈ શાહ
રોહન પ્રકાશભાઈ શાહ
ખ્યાતી રોહન શાહ
યાશીકા રોહન શાહ
પૌત્રી - જમાઈ :
વિલ્પા પીયુષકુમાર શાહ
નિશીત પીયુષકુમાર શાહ
(દેલોલી)

જીજ્ઞેશભાઈ સેવંતીલાલ શાહ
હેમાબેન જીજ્ઞેશભાઈ શાહ
કેયુર જીજ્ઞેશભાઈ શાહ
ખુશી કેયુર શાહ
મયુર જીજ્ઞેશભાઈ શાહ
જીગીશા મયુર શાહ
નિયોમી કેયુર શાહ
જીયાંશ કેયુર શાહ
જીયાના મયુર શાહ
આશ્વિ મયુર શાહ

|| શ્રી સંભવનાથાય નમઃ ||

# શ્રદ્ધાંજલિ



## સ્વ.ઈલાબેન દિનેશભાઈ શાહ

ગામ : પિંઢારપુરા

જન્મ તા.૨૦-૦૫-૧૯૫૫ ● સ્વ.તા.૦૩-૦૯-૨૦૨૬

તેમનું સમગ્ર જીવન ધર્મ, સંસ્કાર અને આધ્યાત્મિકથી ઓતપ્રોત રહ્યું હતું. ધર્મ પ્રત્યે તેમને ખૂબ જ ઊંડી શ્રધ્ધા હતી. તેમણે પોતાના સંતાનોને પણ ધર્મ, સંસ્કાર, સદાચાર અને માનવતાના મૂલ્યો આપ્યા.

તેમનું સ્નેહાળ વ્યક્તિત્વ, ધાર્મિક શૈલી, પરિવાર પ્રત્યેની નિષ્ઠા અને સંતાનોને આપેલા સંસ્કારો હંમેશા સૌ માટે સ્મરણીય અને પ્રેરણારૂપ રહેશે.

પરમાત્મા દિવંગત આત્માને ચિરઃશાંતિ અર્પે તેવી હૃદયપૂર્વક પ્રાર્થના

તેમની સરળતા, સ્નેહાળ સ્વભાવ, ધાર્મિકવૃત્તિ અને સૌ પ્રત્યેની લાગણી એક વિશેષ વ્યક્તિત્વ બનાવતી હતી. તેમણે પરિવારને માત્ર પ્રેમ જ નહીં પરંતુ સારા સંસ્કારો અને ધાર્મિક મૂલ્યોની અમૂલ્ય ભેટ આપી છે.

લિ.

**દિનેશભાઈ ભાઈલાલભાઈ શાહ**

જૈમિન દિનેશભાઈ શાહ
હેમાલી જૈમિન શાહ
નમ્યા - ફેયા

નીકીબેન પ્રિતેશકુમાર શાહ
પ્રણાલીબેન કૌશલકુમાર ગાંધી
માનસીબેન નિરવકુમાર શાહ

ડૉ. ભવ્ય - તાન્યા - કેવલ - ધ્યેય - નૈતિક

**સ્વ. ભાઈલાલભાઈ ઉત્તમલાલ શાહ (પિંઢારપુરા) પરિવાર**

# પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

**કિડની દાતા** | **ચક્ષુદાતા**



**સ્વ. નીલાબેન બીપીનચંદ્ર શાહ**
જન્મ તા. ૦૧.૦૪.૧૯૫૪ ● સ્વ. તા. ૦૯.૧૦.૨૦૨૫
સ્વાવલંબી તથા કૌટુંબિક પથદર્શક



**સ્વ. સોનલબેન મુકેશકુમાર શાહ**
જન્મ તા. ૨૬.૦૬.૧૯૬૯ ● સ્વ. તા. ૨૦.૧૦.૨૦૨૫
સંયુક્ત કુટુંબ ના આગ્રહી

આંખો હજી નિહાળે છે તમોને અંતર હજુ પોકારે છે સૌને, આપ સૌનું સ્મરણ થાય ત્યારે મન મૂકીને રડાવે છે અમોને,
કલ્પી ન શકાય તેવી અણધારી વિદાય કાળજું કંપાવી જાય છે, છોડી સૌ સ્વજનોનો સાથ પહોચ્યા પરમાત્માને પાસ,
અમો સર્વેને રહ્યો કેવળ આપની સ્મૃતિનો સંગાથ
સ્વર્ગસ્થ પુણ્યાત્માઓને ચિરઃ અને પરમ શાંતિ પ્રાપ્ત થાય તેવી પ્રભુ પાસે પ્રાર્થના

## સ્મરણાંજલિ



**સ્વ. કલ્પેશ બીપીનચંદ્ર શાહ**
જન્મ તા. ૦૨.૧૨.૧૯૭૪ ● સ્વ. તા. ૦૫.૦૫.૨૦૧૪
મિલનસાર, સંવેદનશીલ અને સરળ સ્વભાવી



**સ્વ. બીપીનચંદ્ર સુમતીલાલ શાહ**
જન્મ તા. ૦૧.૦૧.૧૯૫૦ - સ્વ. તા. ૨૬.૦૪.૨૦૨૦
પરોપકારી,કૌટુંબિક પથદર્શક અને પ્રેરણા સ્વરૂપ



**સ્વ. રશ્મિન બીપીનચંદ્ર શાહ**
જન્મ તા. ૨૯.૧૧.૧૯૭૮ ● સ્વ. તા. ૦૫.૦૪.૨૦૧૩
જીવદયા પ્રેમી તેમજ પારેવડા ગ્રુપ દ્વારા સન્માનિત

## શાંતાબેન સુમતીલાલ શાહ પરિવાર (ઉનાવા)



**શાંતાબેન સુમતીલાલ શાહ**
જન્મ સ.ને. ૧૯૨૫ ● સ્વ. તા. ૧૬.૦૯.૧૯૯૪
શાંત અને સરળ સ્વભાવી



**સુમતીલાલ બુલાખીદાસ શાહ**
જન્મ તા. ૧૯.૦૧.૧૯૨૦ ● સ્વ. તા. ૨૬.૦૨.૧૯૯૫
દીઘર્દ્રષ્ટા,અને સરળ સ્વભાવી

### :: સ્નેહ પરિવાર ::

**શાહ શાંતાબેન સુમતીલાલ બુલાખીદાસ (ઉનાવા) સમસ્ત પરિવાર**

| | | |
|---|---|---|
| અલ્પા કલ્પેશભાઈ | હર્ષદભાઈ સુમતીલાલ | મુકેશભાઈ સુમતીલાલ |
| સમીપ | શર્મિષ્ટાબેન હર્ષદભાઈ | દિવ્યેશ - કિંજલ |
| સુરાલી રશ્મિનભાઈ | હેમાંગ - શ્વેતા | મૌલિક - અંકિતા |
| મોક્ષ - નિર્મિત | વૈરજ | |

ચંદ્રિકાબેન જસવંતલાલ શાહ (ભાલક) પરિવાર ● મીનાબેન અશોકકુમાર શાહ (બોકરવાડા) પરિવાર
કોમલ નિખિલકુમાર ● પાર્શ્વ - કૃષા | રિપલ આશિષકુમાર ● નમ્ર - અનેરી

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ. શ્રી સુરેશભાઈ રમણલાલ શાહ (મણુંદ)**

આપણા શ્રી જૈન દશા શ્રીમાળી સુડતાળીશ જ્ઞાતિ મંડળ, સુરતના વર્ષ 2019 થી 2024 દરમિયાન પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી, સ્વ. શ્રી સુરેશભાઈએ સમાજની સેવા, પ્રગતિ અને એકતા માટે કરેલું અમૂલ્ય યોગદાન હંમેશા સ્મરણીય રહેશે.

સ્વ. શ્રી સુરેશભાઈનું વ્યક્તિત્વ, સેવાકાર્યો અને સમાજ પ્રત્યેની સમર્પણભાવના આપણા સૌ માટે હંમેશા એક અમૂલ્ય વારસો બની રહેશે. તેમનું ભૌતિક અસ્તિત્વ આપણી વચ્ચે નથી, પરંતુ તેમના સદ્કાર્યો અને સંસ્મરણો હંમેશા આપણા હૃદયમાં જીવંત રહેશે.

પરમાત્મા દિવંગત આત્માને શાશ્વત શાંતિ અર્પે અને તેમના પરિવારજનોને આ અપૂરણીય વિયોગ સહન કરવાની શક્તિ આપે તેવી હૃદયપૂર્વક પ્રાર્થના.

## અર્પણકર્તા : શ્રી જૈન દશા શ્રીમાળી સુડતાળીશ જ્ઞાતિ મંડળ, સુરત

| પ્રમુખશ્રી | ઉપ પ્રમુખશ્રી | ખજાનચીશ્રી | મંત્રીશ્રી | સહમંત્રીશ્રી |
|---|---|---|---|---|
| શ્રી હેમંતભાઈ સી. શાહ (પીંઢારપુરા) | શ્રી ભરતભાઈ બી. શાહ (વડાવલી) | શ્રી સંજયભાઈ એસ. શાહ (મોટપ) | શ્રી મયૂરભાઈ આર. શાહ (તરભ) | શ્રી વિરલ એન. શાહ ( બોકરવાડા) |

શ્રી જૈન દશા શ્રીમાળી 47 જ્ઞાતિ કમિટીગણ, સુરત

## અવસાન-શ્રધ્ધાંજલિ



**સરોજબેન રોહિતભાઈ શાહ**
ગામ : લણવા
હાલ : સુરત
સ્વ. તા. ૧૪-૦૮-૨૦૨૬, શુક્રવાર



**રસિકલાલ મંગલદાસ શાહ**
ગામ : મગુના
હાલ : દુબઇ
સ્વ. તા. ૨૭-૦૮-૨૬, ગુરુવાર



**ઇલાબેન દિનેશભાઇ શાહ**
ગામ : પિંઢારપુરા
હાલ : અમદાવાદ
સ્વ. તા. ૦૩-૦૯-૨૦૨૬, ગુરુવાર



**બાબુલાલ દલસુખલાલ ગાંધી**
ગામ : મોઢેરા
હાલ : અમદાવાદ
સ્વ. તા. ૦૪-૦૯-૨૦૨૬, શુક્રવાર



**મંજુલાબેન ઇન્દ્રવદન શાહ**
ગામ : દેણપ
હાલ : વલસાડ
સ્વ. તા. ૭-૯-૨૦૨૬, સોમવાર



**પ્રવિણભાઇ કેશવલાલ શાહ**
ગામ : ઉનાવા
હાલ : અમદાવાદ
સ્વ. તા. ૨૪-૦૯-૨૦૨૬ ગુરુવાર



**સુરેશભાઈ રમણલાલ શાહ**
ગામ : મણુંદ
હાલ : સુરત
સ્વ. તા. ૨૫-૦૯-૨૦૨૬, શુક્રવાર



**ગીતાબેન શશીકાંતભાઈ શાહ**
ગામ : મોઢેરા
હાલ : સુરત
સ્વ. તા. ૨૮-૦૯-૨૦૨૬. સોમવાર

આ દિવંગત આત્માઓને પ્રભુ શાંતિ આપે તેવી પ્રાર્થના

# ભાવભીની સ્મરણાંજલિ



## સ્વ. ચીનુભાઈ જે. શાહ

**જન્મ તા.૨૧-૦૨-૧૯૩૭ ● સ્વ.તા.૦૫-૧૦-૨૦૨૫**

**અમારા ઉપકારી સ્વ.પૂ.પિતાજીની પ્રથમ પુણ્યતિથિએ**

તેમની યાદ આવતાં, સંસ્મરણો વાગોળતાં આંખો ભીની થાય છે. રોજ પ્રભાતે યોગાસન, સમાચારપત્ર વાંચન, શાક અને ફળો સમારવાનું પ.પૂ. સાધુ-સાધ્વી ભગવંત વહોરવા પધારે ત્યારે ખૂબ ભાવથી-આગ્રહથી વહોરાવતા. સોફા ઉપર બેસીને કુટુંબના બાળકો સાથે બાળક, યુવાનો સાથે યુવાન અને પ્રૌઢ સાથે પ્રૌઢ જેવા બનીને, જ્ઞાન સાથે ગમ્મત, રમુજી શૈલીમાં વાતો કરીને ખુશીનો માહોલ સર્જતા. પડોશમાં, સંઘમાં, વેપારીઓમાં તેમના હસમુખા સ્વભાવથી લોકપ્રિય બનેલા.

અમારા જન્મદિને કે દિપાવલી જેવા તહેવારે અમે તેમના આશીર્વાદ લેવા નમીએ કે તરત સૌને શુભાશીષ સાથે ગીફ્ટ અને સુવાક્યો સહિત કવર આપતા.

ધનતેરસ અને લક્ષ્મીપૂજન પ્રસંગે બધી સામગ્રી તૈયાર કરાવે અને કુટુંબન દરેક પાસે આરતી સુધીની વિધિ ચોકસાઈથી કરાવતા.

અત્યારે આપની બેઠકનો ખાલીપો વર્તાય છે. અમને સૌને અમારા સ્વપ્નોને પૂર્ણ કરવા માટે તથા અમને વ્યવહારુ અને સંસ્કારી બનાવવા માટે દીર્ઘદ્રષ્ટિથી શ્રેષ્ઠ પ્રયાસ કર્યો હતો. અમને ભવિષ્યમાં તકલીફ ન પડે તે માટેનું દીર્ઘકાલીન આયોજન કરેલું. અમારી ભૂલોને દરગુજર કરનાર અને અમારા સત્ય પથદર્શક પૂ.પિતાજીને **પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શત શત વંદન.**

**આપના**

કૌશિકભાઈ ચિનુભાઈ શાહ
સ્વ.ધર્મેન્દ્ર ચિનુભાઈ શાહ
કલ્પેશભાઈ ચિનુભાઈ શાહ

મનીષાબેન સતીષકુમાર શાહ
જિજ્ઞાસાબેન અતુલકુમાર શાહ

**ચિનુભાઈ જેશીંગલાલ શાહ સમગ્ર પરિવાર (ઉનાવા - હાલ:રાજકોટ)**

RNI No. GUJGUJ/2003/11307. • Published on 1st date of Every Month. Registered under Postal Registration No. GAMC-1401/2024-2026 valid up to 31st December 2026. Issued by SSPO's Ahmedabad City Fivision, permitted to post at Ahmedabad PSO on 1st date of Every Month. License to post without prepayment No. PMG/NG/102/2024-2026 valid up to 31/12/2026.



# પ્રથમ માસિક પુણ્યતિથિએ સ્મરણાંજલિ



## સ્વ.રસિકલાલ મંગળદાસ શાહ

મગુના- હાલઃ દુબઈ/પૂના

જન્મ તા.૦૯-૦૨-૧૯૩૯ • સ્વ.તા.૨૭-૦૮-૨૦૨૬

સ્નેહનાં બંધનો ક્યારેય ભુલાતા નથી, પ્રેરણાનાં પુષ્પો ક્યારેય કરમાતાં નથી,
આપનું જીવન સદાય સ્મૃતિમાં રહેશે, સ્વજનના સંસ્મરણો ક્યારેય વિસરાતાં નથી.

જીવન તમારું સાદુ રહ્યું, વિચાર તમારા ઉચ્ચ રહ્યા,
આપનો પ્રેમાળ-માયાળુ સ્વભાવ, હસીને હસાવનાર અમને રડાવી ગયા,
વિદાય એવી લીધી કે અમારા કાળજે ઘા પડી ગયા,
તમારી કાયમ ખોટ રહેશે અમોને, આપની સ્મૃતિમાં અમારા સૌના
અંતઃકરણમાં અનંત સુધી પ્રજ્વલીત રહેશે.
પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના

## મંગળદાસ હરગોવનદાસ શાહ, મગુના પરિવાર

રાજેષભાઈ રસીકલાલ શાહ - બેલાબેન રાજેષભાઈ શાહ
ટ્વીંકલ રાજેષભાઈ શાહ - વિશેષ રાજેષભાઈ શાહ

સ્વ.ચંપકલાલ મંગળદાસ શાહ
સરોજબેન ચંપકલાલ શાહ

સ્વ.રમેશચંદ્ર મંગળદાસ શાહ
સુનંદાબેન રમેશચંદ્ર શાહ

ડી/૫૦૨, શ્રી શાંતિનગર, કોંઢવા, બદ્રુક, પુના-૪૧૧૦૪૮.

રાજેષ રસિકલાલ શાહ મો.: +૯૧ ૯૮૧૯૭ ૮૧૯૪૬, +૯૭૧ ૫૫૪૦૯૧૯૪૩, બેલા રાજેષ શાહ મો.: +૯૭૧ ૫૦૩૪૫૩૭૬૭

પરિવાર પત્રિકા

Printed and Published by BAKUBHAI CHHAGANLAL GANDHI on behalf of SHRI MEHSANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL
Office Time : 10-30 to 6-30 (Monday Close) • Phone : 26602375 • Email : mahesana_jainprant@yahoo.com • www.47dashashreemali.in
Printed at Jagadish Offset, Ahmedabad and published from SHRI MAHESANA PRANT JAIN DASHA SHRIMALI GNYATI MANDAL,
Dipti Advertisers, 3rd Floor, P K House, B/h. M. J. Library, Ellisbridge, Ahmedabad-6. Editor - BAKUBHAI CHHAGANLAL GANDHI